ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# બારડોલી-વ્યારા-ભરૂચ



**હવામાન**

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૪૪.૦° સે. | ૨૫.૦° સે. |
| બારડોલી | ૪૧.૦° સે. | ૨૨.૦° સે. |
| ભરૂચ | ૪૫.૦° સે. | ૨૫.૦° સે. |
| વ્યારા | ૪૧.૦° સે. | ૨૨.૦° સે. |

## સંક્ષિપ્ત સમાચાર

### બારડોલી-ચીખલીમાં તરખાટ મચાવનાર મોબાઈલ ચોર ઝડપાયો



બારડોલી: બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. ત્યારે બાતમી મળી હતી કે એક ઈસમ આછા પોપટી કલરનું ટી-શર્ટ અને કાળું પેન્ટ પહેરીને બારડોલીની ચાંદપીર દરગાહ પાસે ચોરીના મોબાઈલ વેચવાની પેરવીમાં છે. આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવીને શંકાસ્પદ વ્યક્તિને ઝડપી પાડ્યો હતો. પકડાયેલા આરોપીની પૂછપરછ દરમિયાન તેણે ચીખલી અને બારડોલીની કોલેજોમાંથી મોબાઈલ ફોન ચોરી કર્યા હોવાની કબૂલાત કરી હતી. આરોપી પાસેથી પોલીસે કુલ પાંચ મોબાઈલ ફોન કબજે કર્યા છે, જેની કુલ કિં.રૂ.88 હજાર આંકવામાં આવી છે. પકડાયેલો આરોપી નિખિલ રમેશભાઈ દડવી (ઉં.વ.30) નવસારીના વાંસદા તાલુકાના રાણી ફળિયાનો રહેવાસી છે. આ કામગીરી દ્વારા બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનના ત્રણ અને ચીખલી પોલીસ સ્ટેશનના બે એમ કુલ પાંચ ગુનાનો ભેદ ઉકેલાયો છે. હાલમાં પોલીસ દ્વારા આરોપી વિરુદ્ધ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### શેખપુરમાં વૃદ્ધનો ઝેરી દવા પી આપઘાત

કામરેજ: મૂળ અમરેલી અને હાલ કામરેજના શેખપુરની અક્ષરવિલા સોસાયટીમાં મકાન નં.387માં રહેતા અને સોસાયટીમાં જ વોચમેનની નોકરી કરતાં 70 વર્ષીય પ્રાગજી કાકડિયા ગુરુવારે બપોરે 2 કલાકે પોતાના ઘરમાં અનાજમાં નાંખવાની દવા પી લેતાં ઊલટી થવા લાગતાં નોકરી પર ગયેલા પુત્ર મેહુલને માતાએ જાણ કરતાં 108માં સારવાર માટે કઠોર સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. વૃદ્ધને મગજની બીમારી હતી.

### દારૂના ગુનામાં વોન્ટેડ બે આરોપી ઝડપાયા

પલસાણા: સુરત ગ્રામ્ય એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમને એક મહત્ત્વની સફળતા મળી છે. માંડવી પોલીસ સ્ટેશનના દારૂબંધીના ગંભીર ગુનામાં લાંબા સમયથી વોન્ટેડ એવા બે શખ્સને પોલીસે કઠોદરા પાટિયા પાસેથી દબોચી લીધા છે. પકડાયેલા આરોપીઓની ઓળખ અતુલભાઇ દિલીપભાઇ પરમાર (ઉં.વ. ૩૨) અને યોગેશભાઇ ઉર્ફે રાજા સુરેશભાઇ પરમાર (ઉં.વ.૨૯) તરીકે થઈ છે. આ બંને આરોપી સુરતના કઠોદરાના નવા માહ્યાવંશી મહોલ્લાના રહેવાસી છે. બંને શખ્સો મુંબઈથી અમદાવાદ જતા ને.હા.નં.૪૮ પર કઠોદરા પાટિયા પાસે ઊભા છે. આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી બંનેને ઝડપી પાડ્યા હતા. પકડાયેલ આરોપીઓ વિરુદ્ધ માંડવી પોલીસ મથકમાં ગુનો નોંધાયેલો હોવાથી પોલીસે હવે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### બગુમરામાં નહેરમાં ડૂબી જવાથી અજાણ્યાનું મોત

પલસાણા: પલસાણાના બગુમરામાં ઘનશ્યામ રેસિડેન્સી પાછળ નહેરમાં ડૂબી જવાથી ૩૫થી ૪૦ વર્ષના અજાણ્યા પુરુષનું મોત નીપજ્યું હતું. ઉપસરપંચ આકાશકુમાર વાસિયાની જાણકારી બાદ પલસાણા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પીએસઆઈ એસ.ડી.ગોવાળિયાએ અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતકની ઓળખ મેળવવા તપાસ તેજ કરી છે.

### કડોદરામાં ૨૨ વર્ષીય યુવાન ગુમ

પલસાણા: પલસાણાના કડોદરાની હરિયાણા બિલ્ડિંગમાં રહેતો મોહિત દેવીપ્રસાદ કુશ્વાહ ૧૦ ડિસેમ્બરથી રહસ્યમય રીતે ગુમ થયો છે. ૧૧ ધોરણ સુધી ભણેલો ૫ ફૂટની ઊંચાઈ ધરાવતો આ યુવાન ઘરેથી કહ્યા વગર નીકળી ગયો હતો. પરિવારની શોધખોળ બાદ મંજુદેવીએ કડોદરા GIDC પોલીસમાં જાણ કરતા હેડ કોન્સ્ટેબલ રાકેશભાઈએ તપાસ હાથ ધરી છે.

### ઇસરોલીમાં અસ્થિર મગજના આધેડ ગુમ

બારડોલી: બારડોલીના ઇસરોલી ગામના નિશાળ ફળિયામાં રહેતા ભરતભાઇ બાબુભાઇ રાઠોડ (ઉં.વ.૪૫) ગત તા.૨૦/૮/૨૦૨૫ના રોજ બપોરે ૧૨:૩૦થી ૧ વાગ્યાના અરસામાં પોતાના ઘરેથી કોઈને પણ કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા હતા. ગુમ થનાર ભરતભાઇ અસ્થિર મગજના હોવાથી પરિવારજનોએ તેમની સગા-સંબંધીઓ અને આસપાસના વિસ્તારોમાં સઘન તપાસ કરી હતી, પરંતુ તેમનો કોઈ પતો લાગ્યો ન હતો. આખરે આઠ મહિના જેટલો સમય વીતી ગયા બાદ તેમના પુત્ર નિલેશભાઇ રાઠોડે આ અંગે પોલીસને જાણ કરી છે.

### રહાડપોરમાં જુગાર રમતા 5 ઝડપાયા

ભરૂચ: ભરૂચના રહાડપોર ગામમાં આશિયાના પાર્ક પાછળ બાવળોની ઝાડીમાં ચાલતા જુગારના અડ્ડા પર પોલીસે દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન મોહમદ અલીહસન પઠાણ સહિત મોહમદઇરફાન મોહમદસુબ્રાતી રાઈની, અતવારી અબ્દુલહફીઝ દિવાન, સફીક સહતુ રાઇની અને રફીક સરીફહસન રાઈને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા છે. પોલીસે સ્થળ પરથી રોકડ રૂ.16,300 અને 5 મોબાઈલ ફોન મળી કુલ રૂ. 41,300નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સી-ડિવિઝન પોલીસે ગુનો નોંધી કાયદેસરની તપાસ શરૂ કરી છે.

### તિલકવાડાના ઈદરમા પાસે 2.64 લાખનો દારૂ ભરેલી કાર ઝડપાઈ, આરોપી ફરાર

સુરત: નર્મદા એલ.સી.બી. પોલીસની ટીમે તિલકવાડા વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસને બાતમી મળી હતી કે સાજનભાઈ બાબુભાઈ તડવી (રહે., જુનવદ, તા.ગરૂડેશ્વર) પોતાની સફેદ કલરની સ્વિફ્ટ કાર નં.(GJ-01-HP-6687)માં વિદેશી દારૂનો જથ્થો ભરી કાટકોઈ ગામ તરફ આવી રહ્યો છે. બાતમીના આધારે કાટકોઈ ત્રણ રસ્તા પાસે નાકાબંધી ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન શંકાસ્પદ કાર આવતા પોલીસે તેને કોર્ડન કરી રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ચાલક ગાડી ભગાવી નાસી છૂટ્યો હતો. પોલીસે ગલુપુરા અને સુલતાનપુરા થઈ ઈદરમા ગામ સુધી કારનો ફિલ્મી ઢબે પીછો કર્યો હતો. પોલીસ પાછળ હોવાનું જણાતાં આરોપી સાજન તડવી કાર રસ્તાની સાઈડમાં મૂકી અંધારાનો લાભ લઈ ખેતરોમાં ભાગી ગયો હતો. કારની તપાસ કરતા તેમાંથી કુલ ૧૦૭૮ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે રૂ.૨,૬૪,૫૫૬ ની કિંમતનો દારૂ અને રૂ.૩,૦૦,૦૦૦ની કાર મળી કુલ રૂ.૫,૬૪,૫૫૬નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ મામલે ફરાર આરોપી વિરૂદ્ધ ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### કોસંબામાં પોલીસની ફ્લેગ માર્ચ



ઈબ્રાહીમ કાનુ

હથોડા: તાજેતરમાં જિલ્લા અને તાલુકા પંચાયત તેમજ તરસાડી પાલિકાની ચૂંટણી યોજાનાર છે. ત્યારે જનતામાં ભય પેદા નહીં થાય અને શાંતિનો અહેસાસ આપવા ખાતર તેમજ ચૂંટણી કાર્ય હેમખેમ પાર પાડવા માટે કોસંબા પોલીસે મોડી સાંજે કોસંબા તરસાડીના માર્ગો પર ફ્લેગ માર્ચ યોજી પોલીસની હાજરી બતાવી હતી. અત્રે જાણવું જરૂરી છે કે, છેલ્લા કેટલાક દિવસોથી ફોર્મ પરત ખેંચી લેવા બદલે કોસંબા-તરસાડી પંથકમાં નાના મોટા વાદવિવાદ સર્જાયા હતા અને જનતામાં પણ અનેક તરહની ચર્ચા સાંભળવા મળતી હતી. જનતામાં ભય નહીં પેદા થાય તે માટે પોલીસે ફ્લેગ માર્ચ યોજી મોટી માત્રામાં પોલીસ કાફલો વિસ્તારના માર્ગો પર ઉતારી વિસ્તારની જનતાની સુરક્ષા માટે પોલીસ કટિબદ્ધ છે તેનો અહેસાસ કરાવ્યો હતો.

## વ્યારા સુગરમાં શ્રમિકોના પ્રશ્ને ડાંગના પૂર્વ ધારાસભ્યની આંદોલનની ચીમકી

**છેલ્લા** ત્રણ દિવસથી ડાંગ જિલ્લાના શ્રમિકોનો મહેનતાણા માટે વ્યારા સુગર પર અડિંગો

વ્યારા: વ્યારા અને મહુવા સુગર દ્વારા શેરડી કાપણી કરતાં કામદારોને બે બે મહિનાનું મહેનતાણું ચૂકવવામાં ન આવતાં છેલ્લાં ત્રણેક દિવસથી ડાંગના શ્રમિકોએ વ્યારા સુગર પર અડીંગો જમાવ્યો છે અને જ્યાં સુધી મહેનતાણું મળે સુગર પર જ અડિંગો જમાવી રાખવાનો પ્રબળ નિર્ધાર કર્યો હોય, ગતરોજ ડાંગ જિલ્લાના પૂર્વ ધારાસભ્ય મંગળ ગાવીત શ્રમિકોની મદદ માટે દોડી આવ્યા હતા અને વ્યારા સુગરના MD સાથે ટેલીફોનિક સંપર્ક કરી શ્રમિકોને વહેલામાં વહેલી તકે મહેનતાણું ચૂકવી દેવા માટે વાત કરી હતી અને આગામી બે દિવસમાં આ મુદ્દે નિરાકરણ ન આવે તો મંગળ ગાવિત શ્રમિકો સાથે સોમવારે ધરણાં પર બેસવાની ચીમકી ઉચ્ચારી હતી. અને લેબર અધિકારીના ઘરે પણ જવાની શ્રમિકો દ્વારા તૈયારી બતાવી હોવાનું જણાવ્યું હતું.

વ્યારા સુગર ફેક્ટરી હંમેશાં વિવાદ અને ગેરરીતિના કારણે ચર્ચામાં રહેતી આવી છે. વ્યારા સુગર દ્વારા શેરડી કાપણી કરતાં કામદારોને બે બે મહિનાનું મહેનતાણું સુગર ચૂકવી શકી નથી. ત્યારે કામદારો છેલ્લાં બે-ત્રણ દિવસથી સુગરના મેનેજમેન્ટ પાસે મહેનતાણું લેવા માટે વારંવાર ધક્કા ખાવા મજબૂર બન્યા છે. ત્યાં હવે સુગરમાં અચાનક સંસ્થાનું તમામ કામકાજ અચાનક બંધ કરવાનો ચોંકાવનારો નિર્ણય સુગરના મેનેજમેન્ટ દ્વારા લેવામાં આવતાં સુગરમાં વર્ષોથી કામ કરતાં કામદારો સહિત કર્મચારીઓ દ્વિધામાં મુકાયા ગયા છે.

આ વર્ષે સિઝનમાં જાન્યુઆરી મહિના સુધી સુગરમાં શેરડીનું પીલાણ કાર્ય પૂર્ણ થયું હતું. બાદ હાલ સુગરમાં ખાસ મેઈન્ટેનન્સની કામગીરી સહિતની કામગીરી ચાલતી હોય છે. જો કે, સુગરના મેનેજમેન્ટ દ્વારા ગતરોજ સંસ્થાનું તમામ કામકાજ બીજી સૂચના ન મળે ત્યાં સુધી બંધ કરવા અંગે નોટિસ જારી કરી દેવામાં આવતાં હાલ સુગરમાં કામગીરી કરતાં કામદારો સહિત કાયમી કર્મચારીઓ દ્વિધામાં મુકાયા છે અને બેકાર થવાનો વારો આવતાં કર્મચારીઓમાં અંદરોઅંદર સુગરના મેનેજમેન્ટ સામે અસંતોષ સાથે છૂપો રોષ ફેલાયો છે. ત્યારે અચાનક જ વ્યારા સુગરમાં તમામ કામકાજ બંધ કરવાનું ફરમાન કેમ અને કોના ઈશારે કરવામાં આવ્યું? તેને લઈને પણ અનેક સવાલો ઊભા થયા છે.

### ચીમેર ગામની ચીસ: વિકાસની વાતો હવામાં, રસ્તા ધૂળમાં!



■ સોનગઢ: તાપી જિલ્લા પંચાયત રાણીઆંબામાં સમાવિષ્ટ સોનગઢ તાલુકાનું ચીમેર ગામે વિકાસના દાવાઓથી પોકળ સાબિતી જોવા મળી રહી છે. પ્રાથમિક શાળાની સામેથી પસાર થતો મુખ્ય માર્ગ પણ અત્યંત બિસમાર અને ધૂળિયો હોવાથી વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને પારાવાર મુશ્કેલી વેઠવી પડી રહી છે. હાલમાં તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીનો માહોલ ગરમાયો છે. ત્યારે મતદારોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. સ્થાનિકોએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, હવે અમે નેતાઓના પોકળ વાયદામાં આવવાના નથી. ઘણું છેતરાયા, હવે કામ કાગળ પર નહીં પણ જમીન પર વિકાસ જોઈએ. ગામના આગેવાનો અને મતદારોનું કહેવું છે કે જે નેતા અમારા વિસ્તારમાં રસ્તા, ગટર, પીવાનું શુદ્ધ પાણી અને આરોગ્ય સહિત જેવી પાયાની સુવિધાઓ પૂરી પાડશે, તેને જ અમારો કીમતી મત મળશે. ચૂંટણી વખતે જ દેખાતા અને ભ્રષ્ટાચારમાં રાચતા નેતાઓને હવે ગ્રામીણ જનતા ઓળખી ગઈ છે.

## ડર્ટી પોલિટિક્સ: ફોર્મ ખેંચી લેનારા ગદ્દારોને કોંગ્રેસે ઘરભેગા કરી દીધા

**સુરત** જિલ્લા કોંગ્રેસમાં આંતરિક ભૂકંપ, દગાખોરોને માફી નહીં

બારડોલી: સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના જંગ વચ્ચે સુરત જિલ્લા કોંગ્રેસમાં મોટો રાજકીય ધડાકો થયો છે. પક્ષના આદેશને ઘોળીને પી જનારા અને છેલ્લી ઘડીએ ફોર્મ પરત ખેંચી લેનારા ઉમેદવારો સામે જિલ્લા પ્રમુખ આનંદભાઈ ચૌધરીએ લાલ આંખ કરી છે. પક્ષના અધિકૃત ઉમેદવાર તરીકે મેન્ડેટ મળ્યા હોવા છતાં પીછેહઠ કરનારા તમામ દગાખોર ઉમેદવારોને પક્ષમાંથી આજીવન બરતરફ કરી દેવામાં આવ્યા છે.

તાલુકા પંચાયતની બેઠકો પરથી પલસાણાના ૨-અંત્રોલીમાંથી ધર્મિષ્ઠાબેન વિજયભાઈ રાઠોડ, ૪-બલેશ્વર-૧માંથી આસિયાબેન ફેસલભાઈ માકડા, ૧૧-પલસાણા-૧માંથી ઉષાબેન ભીખાભાઈ રાઠોડ અને ૧૨-પલસાણા-૨ બેઠક પરથી પ્રિયાબેન પરેશભાઈ માહ્યાવંશીને સસ્પેન્ડ કરાયા છે. આ ઉપરાંત માંગરોળની ૧૮-મોસાલી બેઠક પરથી ગૌતમીબેન વિશાલભાઈ વસાવા અને બારડોલીની ૮-કડોદ-૨ બેઠક પરથી હેતલબેન અનિલભાઈ ચૌધરીને પક્ષમાંથી કાયમી વિદાય આપી દેવાઈ છે. ઓલપાડ તાલુકામાંથી ઉષાબેન રાઠોડ, આરીફ શોએબભાઈ મુલ્લા, અશોકભાઈ પટેલ અને ઈલેશભાઈ ગામિત સહિત ૨૧ લોકો સામે ગાજ પડી છે. જ્યારે કામરેજ પંથકમાંથી અમીષાબેન પ્રજાપતિ, તેજસ સોલંકી, દિનેશભાઈ રાઠોડ, ગુણવંતભાઈ રાઠોડ અને કિરીટભાઈ માહ્યાવંશીને બરતરફ કરવામાં આવ્યા છે. જિલ્લા પંચાયતની મહત્ત્વની બેઠકો પરથી પ્રીતિબેન વિપુલભાઈ પટેલ (નવાગામ), ખાલપભાઈ ધુલજીભાઈ ગામીત (ઉંભેળ), હેમંતભાઈ ડાહ્યાભાઈ પટેલ (પલસાણા)ને પણ પક્ષના પ્રાથમિક સભ્ય પદેથી દૂર કરાયા છે. નગરપાલિકા સ્તરે બારડોલીમાંથી પરેશકુમાર સિંહલ, ધીરુભાઈ પટેલ અને શિવાંગીબેન સિંહલ તેમજ કડોદરામાંથી અરવિંદભાઈ ખોડુભાઈ ભોંય સામે પક્ષે આકરી કાર્યવાહી કરી છે. આ શિસ્તભંગના પગલાની જાણ પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડા અને શિસ્ત સમિતિના અધ્યક્ષ બાલુભાઈ પટેલને પત્ર દ્વારા કરી દેવામાં આવી છે. કોંગ્રેસના આ 'સર્જિકલ સ્ટ્રાઈક' જેવા વલણથી સ્થાનિક રાજકારણમાં સોપો પડી ગયો છે.

### માંગરોળ તાલુકામાં કોંગ્રેસમાં 'બાગી'ઓ માટે દરવાજા કાયમી બંધ, ચાર સસ્પેન્ડ

હથોડા: સુરત જિલ્લા અને તાલુકા પંચાયતની આગામી ચૂંટણીઓ પહેલા જ માંગરોળ તાલુકાના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. કોસંબા જિલ્લા પંચાયત સીટના મહિલા ઉમેદવાર અને તરસાડી નગરપાલિકાના ત્રણ ઉમેદવારે અચાનક પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેતાં કોંગ્રેસને મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. આનંદભાઈ ચૌધરીએ સસ્પેન્શન લેટરમાં આકરા શબ્દોમાં જણાવ્યું હતું કે, પક્ષે પૂરો વિશ્વાસ મૂકીને મેન્ડેટ આપ્યા હોવા છતાં, લોભ-લાલચ, ભય કે દબાણને વશ થઈને ઉમેદવારી પત્રક પરત ખેંચવું એ પક્ષ અને સેંકડો કાર્યકરોની નિષ્ઠા સાથેની ગદ્દારી છે. આ એક અક્ષમ્ય અપરાધ હોવાથી કોઈપણ સુનાવણી વગર તેમને તાત્કાલિક અસરથી પક્ષમાંથી બરતરફ કરવામાં આવ્યા છે. સસ્પેન્ડ કરાયેલા ઉમેદવારોમાં કોસંબા સીટના જિલ્લા પંચાયત ઉમેદવાર સુશીલાબેન સુરેશભાઈ વસાવા (કોસંબા જિ.પં.બેઠક), તરસાડી પાલિકાના વોર્ડ નં.6ના ઉમેદવાર શૈલેષભાઈ ઉત્તમભાઈ પરમાર તથા દિગ્વિજયસિંહ મહેન્દ્રસિંહ મહિડા અને વોર્ડ નં.5ના ઉમેદવાર પીન્કેશકુમાર હરેશભાઈ કટારિયાનો સમાવેશ થાય છે. જિલ્લા પ્રમુખના આ આક્રમક પગલાંને કારણે પક્ષમાં રહીને બંધ બારણે અન્ય પક્ષો સાથે મિલીભગત રાખતા 'ફૂટેલા કારતુસ' જેવા અન્ય કાર્યકરોમાં પણ ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

### માંડવી નગરપાલિકાના પૂર્વ બે કોર્પોરેટરને ભાજપે 6 વર્ષ માટે પક્ષમાંથી સસ્પેન્ડ કર્યા

માંડવી: સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વચ્ચે માંડવીના રાજકારણમાં મોટો ગરમાવો આવ્યો છે. પક્ષ સામે બગાવતનો સૂર છેડનાર બે પૂર્વ કોર્પોરેટરો સામે પ્રદેશ ભાજપે લાલ આંખ કરી છે. પક્ષના સત્તાવાર ઉમેદવારો સામે મોરચો માંડનારા મનીષભાઈ શાહ અને રાજુભાઈ (રાજમીન) ચૌધરીને શિસ્તભંગના પગલે 6 વર્ષ માટે પક્ષમાંથી હાંકી કાઢવામાં આવતાં રાજકીય વર્તુળોમાં ફફડાટ વ્યાપી ગયો છે.મનીષભાઈ શાહમાંડવી નગરપાલિકાના વોર્ડ નં-2ના પૂર્વ કોર્પોરેટર . ગત ટર્મમાં અપક્ષ તરીકે વિજેતા બનીને ઘોડેસવારી સાથે વિજય સરઘસ કાઢનાર મનીષભાઈએ આ વખતે પણ ભાજપ સામે અપક્ષ ફોર્મ ભરીને બાંયો ચઢાવી છે. પક્ષની સમજાવટ છતાં ફોર્મ પરત ન ખેંચતાં આખરે ભાજપે તેમને સસ્પેન્ડ કરવાનો કડક નિર્ણય લીધો છે. બીજી તરફ, વોર્ડ નં-6ના પૂર્વ કોર્પોરેટર રાજુભાઈ ચૌધરીએ ભાજપ દ્વારા ટિકિટ ન અપાતાં પક્ષ સાથે છેડો ફાડી નાંખ્યો છે. તેમણે કેસરીયો ખેસ ઉતારી 'આમ આદમી પાર્ટી'નું ઝાડું હાથમાં પકડ્યું છે. 'આપ'માંથી ઉમેદવારી નોંધાવતાં આ બેઠક પર હવે ત્રિપાંખિયો જંગ ખેલાશે.

## મહુવા-અંબિકામાં તા.પં.ની કેટલીક સીટનો કાર્ય વિસ્તાર સરપંચથી ઓછો!

**સામાન્ય** રીતે મત વિસ્તારનું નિર્ધારણ વસતીના આધારે કરવામાં આવતું હોય છે, પણ પરિસ્થિતિ ઊંધી

### એક ગામમાં તાલુકા પંચાયત સત્તા-વિપક્ષ બંનેના સભ્યો શક્ય!

એક જ ગામના ગ્રામજનો હવે અલગ-અલગ તાલુકા પંચાયતની બેઠકોમાં મતદાન કરશે. આવી સ્થિતિમાં જો રાજકીય સમીકરણોમાં ફેરફાર થાય તો એક જ ગામમાંથી અલગ બેઠકો પર સત્તાધારી પક્ષ અને વિપક્ષ - બંનેના સભ્યો ચુંટાઈ આવે તેવી શક્યતા પણ નકારી શકાય નહીં. જેના કારણે ગામના પ્રતિનિધિત્વમાં વિખંડન સર્જાવાની સંભાવના ઊભી થઈ છે.

અનાવલ: સુરત જિલ્લાના મહુવા, અંબિકા સહિતના કેટલાક તાલુકાઓમાં તાલુકા પંચાયતની બેઠકોની ફાળવણીને લઈને વિસંગતતા સામે આવી છે, જે હાલ ચર્ચાનો વિષય બની છે. સામાન્ય રીતે મત વિસ્તારનું નિર્ધારણ વસતીના આધારે કરવામાં આવતું હોય છે, ત્યારે કેટલીક જગ્યાએ એવી પરિસ્થિતિ ઊભી થઈ છે કે તાલુકા પંચાયતની કેટલીક બેઠકોનો કાર્યવિસ્તાર સરપંચના મત વિસ્તાર કરતા પણ નાનો જોવા મળી રહ્યો છે.

માહિતી મુજબ અંબિકા તાલુકાના અનાવલ, વહેવલ સહિતના વિસ્તારો તેમજ મહુવા તાલુકાના મહુવા અને કરચેલિયા ગામના નામે બે બેઠક ફાળવવામાં આવી છે. આશ્ચર્યજનક વાત એ છે કે આમાંથી એક બેઠકમાં માત્ર એક જ ગામનો વિસ્તાર આવરી લેવાયો છે, જ્યારે બીજી બેઠકમાં તે જ ગામ સાથે અન્ય ગામોના કેટલાક બૂથોને જોડવામાં આવ્યા છે. પરિણામે એક જ ગામના મતદારો અલગ-અલગ બેઠકોમાં વહેંચાઈ ગયા છે.

આ પરિસ્થિતિને કારણે સ્થાનિક સ્તરે પ્રશ્નો ઊભા થયા છે કે એક જ ગામના લોકો માટે બે અલગ અલગ સભ્યો બનશે. કેટલીક જગ્યાએ તો સરપંચનો કાર્યવિસ્તાર તાલુકા પંચાયતના સભ્યના કાર્યવિસ્તાર કરતાં પણ મોટો બનતો જોવા મળે છે, જે વહીવટી રીતે વિચિત્ર સ્થિતિ ઊભી કરે છે. આ મુદ્દો માત્ર મહુવા કે અંબિકા તાલુકા પૂરતો મર્યાદિત નથી, પરંતુ જિલ્લામાં અન્ય તાલુકાઓમાં પણ આવી જ સ્થિતિ હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. પરિણામે મતદારોમાં ગૂંચવણ અને અસંતોષનો માહોલ સર્જાયો છે, સ્થાનિક લોકો અને જાગૃત નાગરિકો દ્વારા હવે માંગ ઊઠી રહી છે કે તાલુકા પંચાયતની બેઠકોની ફાળવણીમાં સ્પષ્ટતા લાવવામાં આવે.

## વાવ જિલ્લા પોલીસ હેડ ક્વાર્ટસનો ASI નશાની હાલતમાં ઝડપાયો

**અગાઉ** નોકરી પર હાજર ન રહેતાં સસ્પેન્ડ કરી દેવાયો હતો



વિશાલ પટેલ

કામરેજ: મૂળ વઢવાણના બાડા અને હાલ કામરેજના ઘલુડીના સુરત જિલ્લા પોલીસ હેડ ક્વાર્ટસમાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતો ચેતન હરિભાઈ પઢેરીયા (ઉં.વ.36) ગુરુવારે મોડી રાત્રે આશરે 2 કલાકે વાવ ગામ નજીક દારૂનો નશો કરી બબાલ કરતાં કોઈ રાહદારીએ 112ને જાણ કરી હતી. લસકાણાની 112એ ઘટના સ્થળે પહોંચી જઈ એ.એસ.આઈ. ચેતન પઢેરીયાને કામરેજ પોલીસ મથકમાં લઈ ગઈ હતી. ત્યાં પણ આખું પોલીસ સ્ટેશન માથે લેતાં આખરે પોલીસે પ્રોહિબિશન કલમ 85(1), 66(1) મુજબનો ગુનો નોંધી એ.એસ.આઈ.નું મેડિકલ કરાવવા કામરેજ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવામાં આવ્યો હતો. બાદમાં જામીન પર પોલીસે મુક્ત કરી દીધો હતો. આ અગાઉ પણ સુરત જિલ્લા પોલીસ હેડ ક્વાર્ટસમાં નોકરી પર હાજર ન રહેતાં સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો હતો

### લાડવીમાં પત્ની સાથે ઝઘડો થતાં પતિનો આપઘાત

કામરેજ: મૂળ મહારાષ્ટ્ર અને હાલ કામરેજના લાડવી ગામમાં ભાડામાં મકાનમાં રહેતા સંતોષ શ્રીરામ શીરશાઠ (ઉં.વ.46)ને નશો કરવાની ટેવ હોવાથી પતિ-પત્ની વચ્ચે ઝઘડો થતો હતો. ગુરુવારે સવારે પલસાણાના વરેલી ખાતે ડાઈંગ પ્રિન્ટિંગ મિલમાં નોકરી કરવા માટે સંતોષભાઈને પુત્ર રવિ મૂકીને આવ્યો હતો. બપોરે આશરે 12 કલાકે નશો કરીને આવીને પત્ની મંગલાબાઈ સાથે ઝઘડો કર્યો હતો. બાદ બધા ઊંઘી ગયા હતા. સાંજે આશરે 5 કલાકે મંગલાબાઈ સામેના ઘરમાં બેસવા માટે ગયાં ત્યારે ઘરમાં હિંચકા સાથે દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જે અંગે કામરેજ પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## નનસાડ, ભરથાણા અને ખેતીપાક રૂપાંતર મંડળીની ચૂંટણીમાં ડિરેક્ટરો બિનહરીફ

**બંને** મંડળીના પ્રમુખ અને ઉપપ્રમુખની બિનહરીફ વરણી

કામરેજ: કામરેજ તાલુકાના નવાગામની હદમાં કામરેજ ચાર રસ્તા નજીક આવેલી નનસાડ ભરથાણા ગ્રુપ કો.ઓ.કોટન સેલ સોસાયટી લિ. અને કામરેજ વિભાગ ખેતીપાક રૂપાંતર અને વેચાણ કરનારી સહકારી મંડળી(કામરેજ જીન)ની ચૂંટણી જાહેર થઈ હતી. પરંતુ બંને સંસ્થામાં તમામ ડિરેક્ટરોની બિનહરીફ વરણી થઈ હતી. બાદ આગામી પાંચ વર્ષ માટે કામરેજ વિભાગ ખેતીપાક રૂપાંતર અને વેચાણ કરનારી સહકારી મંડળીના પ્રમુખ તરીકે નવીનભાઈ નારણભાઈ પટેલની દરખાસ્ત એડ્વોકેટ એન્ડ નોટરી ધીરજભાઈ લલ્લુભાઈ પટેલે મૂકી અને ટેકો મનહરભાઈ જગુભાઈ પંચાલે આપ્યો હતો. જ્યારે ઉપપ્રમુખ પદ માટે નારણભાઈ નરસિંહભાઈ પટેલની દરખાસ્ત ગુણવંતભાઈ છોટુભાઈ પટેલે મૂકી હતી અને ટેકો શાંતુભાઈ ડાહ્યાભાઈ પટેલે આપ્યો હતો. સામે કોઈએ ઉમેદવારી ન કરતાં બિનહરીફ વરણી થઈ હતી. જ્યારે નનસાડ ભરથાણા ગ્રુપ કો.ઓ. કોટન સેલ મંડળીના પ્રમુખ તરીકે અરવિંદભાઈ તુલસીભાઈ ભક્ત(વાવ)ની દરખાસ્ત પ્રકાશભાઈ નટવરભાઈ પટેલે મૂકી અને કિશોરભાઈ દેવચંદભાઈ પટેલે ટેકો આપ્યો હતો. જ્યારે ઉપપ્રમુખ પદ માટે કુશલભાઈ સુરેશભાઈ પટેલ(નનસાડ)ની દરખાસ્ત પ્રવીણભાઈ મોતીભાઈ પટેલે મૂકી અને ટેકો બાબુભાઈ બેચરભાઈ પટેલે આપ્યો હતો. સામે કોઈએ પણ ઉમેદવારી ન કરતાં બિનહરીફ વરણી થઈ છે. આ અંગે પ્રમુખ નવીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, મંડળીઓની ચૂંટણી બિનહરીફ વરણી થાય અને આવી પ્રક્રિયા આવનારી સહકારી મંડળીઓની ચૂંટણીમાં થાય ખોટા કલરને બદલે બિનહરીફ સંસ્થામાં ચુંટાઈને આવે તો સંસ્થાની ઉત્તરો ઉત્તર પ્રગતિ થાય એવી ભાવના વ્યક્ત કરી હતી. આ બંને સંસ્થામાં ચૂંટણી અધિકારી તરીકે રમેશભાઈ પટેલ, ગુણવંતભાઈ પટેલ, કેયુર પટેલ, હર્ષિલ પટેલે ફરજ બજાવી હતી.

### બોજાદરામાં ઢાઢર નદીમાં મગર એકને ખેંચી લઈ ગયો



ભરૂચ: જંબુસરના બોજાદરા ગામમાં ઢાઢર નદીમાં મગર એક વ્યક્તિ પર હુમલો કરીને તેને નદીમાં ખેંચી લઈ ગયો હોવાની માહિતી સામે આવી છે. ઘટનાની વિગતો અનુસાર તે નદી કિનારે અથવા નદીમાં કોઈ કામે ગયો હતો, ત્યારે અચાનક મોટા મગર હુમલો કરી પાણીમાં ખેંચી લઈ ગયો હતો. આ ઘટનાથી સ્થાનિકોમાં ભારે રોષ અને ભયનું વાતાવરણ જોવા મળ્યું છે. હાલમાં વન વિભાગ, પોલીસ અને સ્થાનિક લોકોની મદદથી બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે. ડાઈવર્સ અને બોટની મદદથી વ્યક્તિને શોધવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

## વાલિયામાં પાંચ વર્ષની બાળકી પર બળાત્કાર કરનારો ઝડપાયો

**ચોકલેટની** લાલચ આપી દુષ્કૃત્ય કરનારો માંડવીના વાઘનેરા ગામથી પકડાયો



ભરૂચ: વાલિયા તાલુકાના એક ગામમાં માનવતાને શર્મશાર કરતી ઘટના સામે આવી હતી. માત્ર પાંચ વર્ષની માસૂમ બાળકી સાથે દુષ્કર્મ કરવામાં આવ્યું હતું. પોલીસે ઝડપી કાર્યવાહી કરી નરાધમ આરોપીને દબોચી લીધો છે. આરોપી બાળકીને ચોકલેટ અને પડીકાની લાલચ આપી ગામની સીમમાં લઈ ગયો હતો અને ત્યાં તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. ઘટના જાણ થતાં જ વિસ્તારમાં આક્રોશ ફેલાયો હતો. વાલિયા પોલીસે પોસ્કો એક્ટ હેઠળ અજાણ્યા ઈસમ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. પીડિત બાળકીના વર્ણન આધારે સ્કેચ તૈયાર કરી, હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેક્નિકલ સર્વેલન્સનો સહારો લઈ ભરૂચ LCB અને SOGની સાત ટીમો બનાવી સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસને બાતમી મળતાં માંડવી તાલુકાના વાઘનેરા ગામના 51 વર્ષીય રાજુ શાંતિલાલ ગામીતને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપીને કસ્ટડીમાં લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને કેસની ઝીણવટભરી તપાસ કરી રહી છે.